# નીતિ આયોગની ટકોર બાદ સરકારે ફોક્સ બજેટ રજુ કર્યુ છે

## ક્લાઈમેટ ચેન્જ માટે જનજાગૃતિ લાવવા ૫૦ લાખ રૂ.નો ખર્ચ સરકાર કરશે

ગાંધીનગર, તા. ૨

નીતિ આયોગે તેના જુદા જુદા અહેવાલોમાં ગુજરાતની સ્થિતિ અંગે રજુ કરેલા અવલોકનો પછી હરકતમાં આવેલ ગુજરાત સરકારે અર્થતંત્ર અને વિકાસને સંતુલિત કરવા માટેનું આ નવતર બજેટ રજુ કર્યુ છે.

રાજ્ય સરકાર આને ફોકસડ બજેટ લેખાવી રહી છે પરંતુ આરોગ્ય સેવાઓ, વીજળીની વધતી જતી માંગને પહોંચી વળવા તેમજ પાણી માટે ભૂગર્ભ જળની સ્થિતિ સહિતના મુદ્દાઓને લઈ નીતિ આયોગ દ્વારા આકરી ટકોર થઈ છે તેનો અ પરોક્ષ રીતે સરકારે સ્વીકાર કર્યો છે.

આજે અંદાજપત્ર પ્રવચનમાં ગ્રીન એન્ડ ક્લીન એનર્જી, રીયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ, વોટર નીતિ, રિચાર્જીંગ માટેની વિવિધ યોજનાઓ, ૧૫ લાખ યુવાનોને આગામી ત્રણ વર્ષમાં રોજગારી આપવાની વાત, આદિજાતિ વિસ્તારની વિકાસની છ મહત્વની જરૂરિયાતો પુરી કરવા માટે ફાળવણી, સૌને આવાસ માટે જંગી રકમની ફાળવણી જેવી મહત્વની વાતો કરાઈ છે.

**સમયસર** - પ્રકાશ જહા

અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ કરી સરકારે આ કામને ધીમી ગતિએ આગળ વધશે તેવો સંકેત આપ્યો છે. અર્થાત્ ૨૦૨૨માં જ આ પ્રોજેક્ટ સાકાર થશે તેમ મનાઈ રહ્યુ છે.

સસ્ટેઈનેબલ વિકાસને લઈ રાજ્ય સરકારે આંતરમાળખાકીય સુવિધાઓ માટે ૧૪૩૯ કરોડની જોગવાઈ કરી છે. ગુજરાતમાં હજુ કેટલુ ખુટે છે તે વાતનો આ પુરાવો છે.

ગાંધીનગરમાં જમીન ઉપલબ્ધિ સરકારે પાસે વધે તેમજ નગરને એક નવી ઓળખ મળે તે માટે વધુ ૨૦ ટાવર બનાવવાની જાહેરાત સરકારે અંદાજપત્રમાં કરી છે. સરકારે આ જાહેરાત કરી નગરના હાલના આવાસોની મરામત-જાળવણી અને નિભાવણીની જવાબદારીમાં ધીમી ગતિએ આગળ વધી રહી હોવાનો સંકેત પણ આપ્યો છે. હાલ ઘણા સેક્ટરોમાં આ જવાબદારી ખાનગી એજન્સીઓને સુપ્રત કરાઈ છે તે પણ નોંધનીય છે.

ક્લાઈમેટ ચેન્જને લઈ અલગ વિભાગની રચના સાથે સરકારે ગાંધીનગરમાં આ માટે ભવન બનાવવાની જાહેરાત કરી હતી પરંતુ તે ફાઈલ અભેરાઈએ ચડી ગઈ અને હવે ક્લાઈમેટ ચેઈન્જની જનજાગૃતિ માટે સખીમંડળો થકી કાર્યક્રમો યોજવા માટે રૂ. ૫૦ લાખનો જંગી ખર્ચ કરવામાં આવશે તેવી વાત કરી છે.

કુદરતી સંપદાઓમાંથી આવક મેળવવાના અભિગમને લઈ સરકારે દુર્લભ તેમજ ભારે ખનિજોના સંશોધન માટે રૂ. ૩ કરોડની જોગવાઈ કરી છે.

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી સ્કુલ ફી, એડમિશન, વિદ્યાર્થીઓની સુરક્ષા, ઓરડાઓની ઘટ જેવી અનેક શિક્ષણ સંબંધિત સમસ્યા ઉદ્‌ભવી છે. તેમજ દર વર્ષે સર્જાતી પાણીની કટોકટીથી લઈ દેવામાં ડૂબેલા ખેડૂતોની આત્મહત્યા અને સરકારી હોસ્પિટલમાં સારવારમાં રહેલી ક્ષતિઓ જેવા ગંભીર પ્રશ્નોનો બજેટમાં ઉકેલવાનો પ્રયાસ સરકારે કર્યો છે.

સરકારે કૃષિ સિંચાઈ અને ગ્રામ વિકાસ માટે કુલ બજેટના ૨૦.૬૩ ટકા, પાણી-પુરવઠો સ્વચ્છતા, આવાસ અને શહેરી વિકાસ માટે ૧૫.૭૬ ટકા, આરોગ્ય પરિવાર કલ્યાણ માટે ૮.૪૩ ટકા તથા શિક્ષણ રમતગમત કલા અને સંસ્કૃતિ માટે ૨૦.૭૯ ટકા મળીને લગભગ ૬૫ ટકા જેટલી રકમ બેઝીક જરૂરિયાતોને લઈ ફાળવી છે.

"વ્હાલી દિકરી" નામની નવતર યોજના રજુ કરી સરકારે સામાન્ય માનવીના દિલ જીતવાનો અભિગમ દાખવ્યો છે. આ ઉપરાંત પુરૂષ જન્મદર સામે ઘટતા જતા સ્ત્રી જન્મદરને વધારવા માટેનો અભિગમ પણ સ્પષ્ટ હોવાનો સંકેત આપ્યો છે.

સરકારે બજેટમાં સી-પ્લાન શરૂ કરવા માટે રૂ. ૫ કરોડના ખર્ચે વોટર એરોડ્રામ બનાવવાની પણ વાત કરી છે.

સરકારે વિવિધ કચેરીઓમાં વય મર્યાદાને લઈ નિવૃત થઈ રહેલા સરકારી કર્મચારીઓની ખાલી જગ્યાઓ ભરવા માટે આગામી ૩ વર્ષમાં ૬૦ હજાર કર્મયોગીઓની ભરતી કરવાની વાત પણ આ બજેટમાં કરી છે.

**અંદાજપત્ર પ્રવચનમાં ગ્રીન એન્ડ ક્લીન એનર્જી, રીયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ, વોટર નીતિ, રિચાર્જીંગ માટેની વિવિધ યોજનાઓ, ૧૫ લાખ યુવાનોને આગામી ત્રણ વર્ષમાં રોજગારી આપવાની વાત, આદિજાતિ વિસ્તારની વિકાસની છ મહત્વની જરૂરિયાતો પુરી કરવા માટે ફાળવણી, સૌને આવાસ માટે જંગી રકમની ફાળવણી**



વિધાનસભાના વિઝીટર્સ - વિધાનસભાના અંદાજપત્ર સત્રના આરંભ સાથે મુલાકાતીઓનો ધસારો પણ આરંભાયો છે... બજેટ સત્રમાં રોજેરોજ રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી મુલાકાતીઓ વિધાનસભાની કાર્યવાહી નિહાળવા આવશે... પોતપોતાના પ્રતિનિધિઓ કેવી અસરકારક રજૂઆત કરે છે, તેના સાક્ષી બનવાનો પણ ઉત્સાહ સક્રિય નાગરિકોમાં હોય છે... આ ઉપરાંત યુવાનો પણ વિધાનસભાની કાર્યવાહી નિહાળવા પહોંચે છે...

# શહેરમાં સરકારી આવાસના નિર્માણ માટે ૨૦ નવા ટાવર બનશે


## સાદરા પાસે બ્રિજ પણ બનાવાશે : ઇ ડી આઇ ખાતે દિવ્યાંગો માટે ૮ કરોડના ખર્ચે તાલીમ સેન્ટર બનશે : ગાંધીનગર અમદાવાદ મેટ્રો ફેઝ -૨ તેમજ સરખેજ ગાંધીનગર હાઇવેના પ્રોજેક્ટને અનુલક્ષીને પણ બજેટમાં કરોડોની જોગવાઇ

ગાંધીનગર તા ૨

ગુજરાત વિધાનસભાના સત્રના પ્રારંભે આજે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે વર્ષ ૨૦૧૯-૨૦નુ ફેરફાર કરેલુ અંદાજપત્ર રજુ કર્યુ હતુ. આ બજેટમાં ખેતી , પશુપાલન , શિક્ષણ અને આરોગ્ય ,ગૃહ સહીતના વિભાગોને અનુલક્ષી વિકાસના અભિગમને વેગ આપવા મહત્વપુર્ણ પ્રજાલક્ષી યોજનાઓની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં બજેટમાં ગાંધીનગરમાં વિવિધ પ્રોજેકટોને હાથ ધરવા માટે પણ ખાસ રકમની જોગવાઇ કરવામાં આવી છે.

આ અંદાજપત્રમાં માર્ગ મકાન વિભાગને અનુલક્ષીને રૂ ૧૦૦૫૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શહેરમાં સરકારી આવાસોન અનુલક્ષી નવા ૨૦ ટાવર બાંધવા માટે રૂ ૪૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત સાદરા પાસે સાબરમત્તી નદી પર બ્રિજના નિર્માણ માટે પણ આયોજન કરાયુ છે.

ગાંધીનગર અમદાવાદમાં રૂ ૩૩૩ કરોડના ખર્ચે વિવિધ કક્ષાના ૧૫૩૨ સરકારી આવાસોનુ બાંધકામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે હજુ પણ વધુ આવાસો બાંધવા માટે બજેટમાં રૂ ૧૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગાંધીનગરમાં છ કક્ષાના ૫૬૦ સરકારી આવાસોને અનુલક્ષી રૂ ૧૩૧ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જેને ધ્યાને લઈ ૨૦ નવા ટાવર બાંધવા માટે રૂ ૪૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત સાદરા પાસે સાબરમત્તી નદી પર ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાને જોડતો બ્રિજ પણ બનાવવા અંદાજપત્રમાં આયોજન કરાયુ છે. જયારે સરખેજ ગાંધીનગર હાઈવેને રૂ ૮૬૭ કરોડના ખર્ચે છ માર્ગી કરવાની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. જયારે આ પ્રોજેકટ અન્વયે સાડા ચાર કીલોમીટરના એલીવેટેડ કોરીડોર સહીત ૯ ફલાયઓવર અને રેલવે બ્રીજના કામનો સમાવેશ થાય છે. જયારે ગાંધીનગર અમદાવાદ મેટ્રો ફેઝ -૨ના આયોજનને સરકારી મંજુરીના અંતે તાંત્રિક કામગીરી હાથ ધરવામાં આવી છે. જયોર અમદાવાદ - ગાંધીનગર સુરત મેટ્રો રેલ પ્રોજેકટને અનુલક્ષી રૂ ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગાંધીનગરમાં ભાટ પાસે ઈ ડી આઈ ખાતે દિવ્યાંગો માટે ખાસ તાલીમ સેન્ટર ઉભુ કરવા રૂ ૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં ત્રણ વર્ષમાં ૨૪ હજાર દિવ્યાંગોને રોજગારલક્ષી તાલીમ આપવામાં આવશે. આ ઉપરાંત ગાંધીનગરમાં અનુસુચિત જાતિના કુમાર છાત્રાલયો તેમજ સમરસ કુમાર કન્યા છાત્રાલયના બાંધકામ માટે પણ બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.



## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

### જિલ્લામાં બે વર્ષ દરમિયાન ૨૦૭ બાળકો ગુમ થયા ૪૦ પરત મળ્યા નથી

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૦ વર્ષ નીચેના ૪૭ બાળકો ગુમ થયા છે. જયારે આ પૈકી ૩૪ બાળકો પરત મળી આવ્યા છે. પરંતુ ૧૩ બાળકોની ભાળ મળી નથી. જયારે ૧૦થી ૧૪ વર્ષની વયના ગુમ થયેલા ૧૮ બાળકો પૈકી ૧૮ પરત મળી આવ્યા છે. જયારે છેલ્લા બે વર્ષ દરમિયાન ૧૪ થી ૧૮ વર્ષના ગુમ થયેલા ૧૪૨ પૈકી ૧૧૫ બાળકો મળી આવ્યા છે. ગુમ થયેલા પૈકી મળી આવ્યા ન હોય તેવા બાળકોની શોધખોળ માટે અવાર નવાર ડ્રાઈવ રાખવમાં આવી છે. આ ઉપરાંત ડ્રાઈવમાં જિલ્લા પોલીસ સ્ટેશનના અધિકારીઓની ટીમ બનાવી બાળ સુરક્ષા એકમ તેમજ જિલ્લાના એન જી ઓ સાથે મળીને ગુમ થયેલા બાળકોને શોધી કાઢવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયારે ગુમ થયેલા બાળકોની એન્ટ્રી પાર્ટલ પર કરવામાં આવી છે. બાળકો ગુમ થવા પાછળ ૧૦ વર્ષ સુધીના બાળકો સામાન્ય રીતે પરીક્ષામાં અસફળતા , વડીલોનો ઠપકો અગર સામાજિક કારણોસર માતાની સાથે ઘર છોડવુ તેમજ અન્ય કિસ્સામાં પ્રેમ પ્રકરણ પણ ધ્યાને આવ્યુ છે.

### ગાંધીનગરમાં મંજુર ૨૪ ડ્રાફટ ટી પી સામે માત્ર ૫ ફાઇનલ

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધી માત્ર ૫ ટી પી ફાઈનલ થઈ છે. ગાંધીનગરમાં ૨૪ ડ્રાફટ ટી પી ને મંજુરી આપવામાં આવી છે. વિધાનસભાની પ્રશ્નોત્તરી સંદર્ભે રજુ થયેલા પ્રશ્નના લેખિત જવાબમાં શેહરી વિકાસ મંત્રીના જણાંવ્યા મુજબ મેં ૨૦૧૯ ની સ્થિતિએ ૫ ટી પી સ્કીમ ફાઈનલ થઈ છે. જયારે ડ્રાફટ ટી પી થયા બાદ ફાઈનલ ટી પી કરવા માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ -૧૯૭૬ ની કલમ ૫૧ની જોગવાઈ મુજબ ૧૨ માસની સમયમર્યાદા હોય છે. જો કે આ મર્યાદા રાજય સરકાર વધારી પણ શકે છે. જે મુજબ ટી પી ફાઈનલ કરવામાં આવે છે. પરંતુ ટી પી ફાઈનલ કરવાની પ્રકીયા દરમિયાન જમીન માલિકો તેમજ હીત ધરાવતી વ્યકિતઓની રજુઆતોને ન્યાય મળે તે માટેની કાર્યવાહી અને બોર્ડ ઓફ અપીલના નિર્ણયોમાં થતા વિલંબના લીધે પણ ટી પી સમયસર ફાઈનલ થઈ શકતી નથી તેમ પણ પેટા પ્રશ્નના ઉત્તરમાં જણાવાયુ છે.

### ગાંધીનગર જિલ્લામાં એક વર્ષમાં ૧૫૨ સી સી કેમેરા લગાવાયા

ગાંધીનગર તેમજ અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સી સી ટી વી કેમેરા લગાવવા માટે સરકારે આયોજન કર્યુ છે કે કેમ તે અંગેના સાણંદના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં રજુ કરાયેલા જવાબ અન્વયે ગાંધીનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા છેલ્લા એક વર્ષમાં સેઈફ એન્ડ સિક્યોર ગુજરાત પ્રોજેકટ અંતર્ગત ૧૫૨ કેમેરા લગાવાયા છે. જયારે અમદાવાદ ગ્રામ્યમાં પણ ૨૪ કેમેરા લગવાયા છે.

### લીઝ ઉત્ખનનના કેસમાં ૧૧ ઝડપાયા ૯.૩૫ લાખનો દંડ વસુલાયો

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમિયાન સાદીરેતીના ખનિજની ૫૨ લીઝને ઉત્ખન્ન માટે મંજુરી આપવામાં આવી છે. જયારે તેમાંથી

● અનુસંધાન પાન-૭ પર

## બજેટમાં ગાંધીનગર

- ગાંધીનગર ખાતે અનુ. જાતિના કન્યા છાત્રાલયનું અદ્યતન સુવિધાઓ સાથે મકાનનું નિર્માણ કરાશે.
- ગાંધીનગર ખાતે સમરસ કુમાર-કન્યા છાત્રાલય પણ બનાવવામાં આવશે.
- પ્રખ્યાત ઈડીઆઈ ગાંધીનગર ખાતે દિવ્યાંગો માટે ખાસ તાલિમ સેન્ટર ઉભુ કરી ત્રણ વર્ષમાં ૨૪ હજાર દિવ્યાંગોને રોજગારલક્ષી તાલિમ આપવામાં આવશે આ માટે અંદાજપત્રમાં રૂ. ૮ કરોડની જોગવાઈ.
- અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ફેઝ-૨ માટે તેમજ સુરત મેટ્રોરેલ પ્રોજેક્ટને લઈ બજેટમાં રૂ. ૫૦ કરોડની ફાળવણી.
- સાદરા પાસે ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાને જોડતો સાબરમતી નદી પરનો પુલ બનાવાશે.
- ગાંધીનગર ખાતે રૂ. ૧૩૧ કરોડના ખર્ચે 'છ' ટાઈપના ૫૬૦ સરકારી આવાસોના ૨૦ ટાવરના બાંધકામ માટે ૪૪ કરોડની જોગવાઈ.
- ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના આધુનિકરણ અને રેટ્રોફીટીંગ માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઈ
- રક્ષાશક્તિ યુનિ.માં માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે ૪૪ કરોડની જોગવાઈ.

## રૂપિયો ક્યાંથી આવશે

| ક્યાંથી આવશે | ટકામાં |
|---|---|
| રાજ્ય જીએસટી | ૨૩.૯૯ |
| કેન્દ્રીય કરવેરા હિસ્સો | ૧૨.૮૨ |
| જાહેર હિસાબ | ૨.૫૬ |
| લોન અને પેશગી વસુલાત | ૦.૧૪ |
| જાહેર દેવું | ૨૧.૧૩ |
| રાજ્ય વેરા (જીએસટી સિવાય) | ૨૪.૭૮ |
| કેન્દ્ર તરફથી સહાયક અનુદાન | ૭.૭૦ |
| કરવેરા સિવાયની આવક | ૬.૮૮ |

## રૂપિયો ક્યાં જશે

| ક્યાં જશે | ટકામાં |
|---|---|
| જાહેર દેવાની ચુકવણી | ૮.૧૭ |
| લોન અને પેશગી | ૦.૭૯ |
| સહાયક અનુદાન અને ફાળો | ૦.૨૨ |
| કુલ ચોખ્ખી લેવડદેવડ | ૦.૧૪ |
| બિન વિકાસલક્ષી ખર્ચ | ૨૭.૮૯ |
| વિકાસલક્ષી ખર્ચ | ૬૨.૭૯ |

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

# બજેટમાં વિવિધ સ્ટેમ્પ ડ્યુટીમાં બેથી ત્રણ ગણો વધારો કરાયો

## ગુજરાતનું કુલ ૫૭૨ કરોડની પુરાંતવાળું બજેટ રજૂ કરાયું : સોગંદનામા-નોટરીના લખાણના લેખ માટે સ્ટેમ્પ ડ્યુટીમાં અઢીગણો વધારો વેરાની વસુલાત માટે સમાધાન યોજના : સ્વઉત્પાદિત વપરાશ ઉપર વિજકર

ગાંધીનગર, તા. ૨

ગુજરાતના નાણામંત્રી નીતિન પટેલે આજે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ૨૦૪૮૧૫ કરોડનું અને ૨૮૫.૧૨ કરોડની પુરાંતવાળુ બજેટ રજૂ કર્યું હતું તેમજ આ પુરાંતમાં જો સ્ટેમ્પ ડ્યુટીમાં કરેલા વધારાની દરખાસ્ત ઉમેરવામાં આવે તો ૫૭૨.૧૨ કરોડનું પુરાંતવાળુ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટમાં એક લાખ ૫૪ હજાર ૭૩૧.૮૬ કરોડ રૂપિયાની મહેસુલી આવક દર્શાવવામાં આવી છે જ્યારે તેની સામે એક લાખ ૫૧ હજાર ૮૫૭.૯૯ કરોડનો મહેસુલ ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. વિવિધ સ્ટેમ્પ ડ્યુટીમાં બેથી ત્રણ ગણો વધાર ઝીંકવામાં આવ્યો છે. આ બજેટમાં સ્ટેમ્પ ડ્યુટીમાં વધારો કરવાનો નિર્ણય કરાયો છે.

સોગંદનામા અને નોટરીના લખાણ લેખ માટે સ્ટેમ્પ ડ્યુટીમાં અઢી ગણો વધારો કરીને ૨૦ના બદલે ૫૦ રૂપિયા કરવામાં આવ્યા છે જ્યારે દત્તક પત્ર, લગ્ન નોંધણી, ભાગીદારી લેખને લગતા ૨૦૦૦થી અમલમાં આવેલા સ્ટેમ્પ ડ્યુટીના દર ૧૦૦ અને વારસાગત મિલકતમાં કૌટુંબિક સભ્ય દ્વારા કે તેમની તરફેણમાં હક જતો કરવાના લેખ પરનો ૧૫મી મે ૨૦૧૫થી અમલી બને તેવો રૂપિયા ૧૦૦ સ્ટેમ્પ ડ્યુટીનો દર ડબલ કરીને ૨૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે. ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની અનુસૂચિ એકમાં સામેલ કરવામાં આવેલા સ્થાવર મિલકતના લેખો સહિત જે લેખો ઉપર ટકાવારીના ધોરણે સ્ટેમ્પ ડ્યુટી વસુલવામાં આવે છે તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આવી જ રીતે તમામ ફિક્સ લેખો ઉપર વર્ષ ૨૦૦૦થી અમલી સ્ટેમ્પ ડ્યુટીના રૂપિયા ૧૦૦ના દરને વધારીને ૩૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# રોજગારો સર્જનવાળું ગુજરાત બને તેવી પ્રાથમિકતા : રૂપાણી

## બજેટમાં દરેક ક્ષેત્રને પ્રાધાન્ય અપાયાનો દાવો : જનતાના સાથ સહકારથી સંતુલિત વિકાસનું બજેટ રહ્યું

ગાંધીનગર,તા.૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વિધાનસભામાં નાણામંત્રી-નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે રજૂ કરેલા ૨૦૧૯-૨૦ના વર્ષના બજેટને આધુનિક ગુજરાતના નિર્માણનું દિશાદર્શન કરનારૂં ફોકસડ્ બજેટ ગણાવ્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આજે વિશ્વમાં સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટની ચર્ચા થાય છે ત્યારે સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ -સાતત્યપૂર્ણ વિકાસ વાળા સ્ટેટ તરીકે ગુજરાત દેશમાં જ નહિં, વિશ્વમાં મોડેલ બને તેવા આધાર સાથે આ બજેટ રજૂ થયું છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાત વડાપ્રધાન નરેન્દ્રભાઈના નેતૃત્વ અને માર્ગદર્શનથી અવિરત વિકાસ કરતું રહ્યું છે અને વિકાસમાં નંબર વન સ્ટેટ છે હવે આપણે સમયની સાથે કદમ મિલાવીને ચાલનારા સસ્ટેઈનેબલ ડેવલપડ ગુજરાતનું મોડેલ પ્રસ્થાપિત કરવું છે. વિજય રૂપાણીએ બજેટ અંગેની પ્રતિક્રિયા આપતાં સ્પષ્ટપણે કહ્યું કે હવે એ સ્ટેજ પર ગુજરાત છે કે વોટર મેનેજમેન્ટ, ગ્રીન એન્ડ કલીન એનર્જી, સૌર ઊર્જા, પર્યાવરણ, કિસાનો, યુવાનોને રોજગાર, કૃષિ વિકાસ સૌને વિશ્વ સમકક્ષ વિકાસના સમયાનુકુલ અવસરોથી ગુજરાતનો વિકાસ ઓર નવી ઊંચાઈઓએ પહોચાડવો છે તેની પ્રતિબધ્ધતા આ બજેટમાં વ્યકત થઈ છે. તેમણે કહ્યું કે, રાજ્યમાં લોકોને ઘરે-ઘરે નળથી શુધ્ધ પાણી નિયમીત મળે તેવી વ્યવસ્થાઓ વોટર મેનેજમેન્ટ અંતર્ગત આ બજેટમાં કરી છે. રાજ્યમાં ૭૮ ટકા ઘરોમાં નળ દ્વારા શુધ્ધ પાણી પુરૂં પાડવામાં આવે છે. ૨૦૨૨ સુધીમાં રાજ્યના પ્રત્યેક ઘરમાં નળથી પાણી પુરૂં પાડવા આવનારા ૩ વર્ષમાં ૨૦ હજાર કરોડ અને આ ૨૦૧૯-૨૦ના એક જ વર્ષમાં રૂ. ૪૫૦૦ કરોડ ખર્ચવાના છીયે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા હલ કરવા દરિયાના ખારા પાણીને પીવાલાયક મીઠા બનાવવા ૮ ડિસેલીનેશન પ્લાન્ટનું કામ

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com